Vol. 5, Sp. Issue: 12, December: 2017 (IJRSML) ISSN: 2321 - 2853

# ધોરણ ૭ના ગુજરાતી પાઠ્ય પુસ્તકના ગદ્ય પદ્યમાં મૂલ્યશિક્ષણ અને શૈક્ષણિક ફલિતાર્થો

પ્રા. જ્યોતિબેન કે. તડવી
આણંદ કોલેજ ઓફ એજ્યુકેશન,આણંદ

## ૧. પ્રસ્તાવના

સામાન્ય રીતે મૂલ્ય એટલે માનવીને માનવ બનાવે છે. મૂલ્યો ધારણ કરીને જ મનુષ્ય આત્માથી પરમાત્મા સુધી પહોંચવાની યાત્રા ખેડે છે. મૂલ્ય મનુષ્યને માનવ વર્તનમાંથી બહાર લાવી ઈશ્વર વર્તન કરવા માટે પ્રેરે છે. મૂલ્ય શિક્ષણ એટલે અધ્યેતામાં માનવીય ગુણોની પ્રેરણા જગાવવી અને યોગ્ય નાગરિકતાના પાઠો ભણાવી અને રચનાત્મક વ્યવહારાત્મક નિર્માણ કરનારુ શિક્ષણ. માતૃભાષાનું શિક્ષણ સાહિત્ય કૃતિઓ દ્વારા આપવામાં આવે છે સાહિત્ય એ લાગણી અને હૃદયની ઉર્મિઓનો આવિર્ભાવ છે. વિશ્વમાં વેદનાઓ જગાવનાર અને મનમાં ચેતનાનું સર્જન કરવાનું કામ સાહિત્યકાર સાહિત્ય થકી કરે છે. મૂલ્યોએ માનવીને સાચા અર્થમાં માનવ બનાવે છે. માતૃભાષાના પાઠ્યપુસ્તકની કૃતિઓમાં મૂલ્યોનું શિક્ષણ ભરપૂર રહેલું છે. તેમાં વિવિધ મૂલ્યલક્ષી મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ૨. ધોરણ ૭ પ્રથમ સત્ર ગુજરાતી

| ક્રમ | કૃતિનું નામ | સમાવિષ્ટ મૂલ્ય | પ્રવૃત્તિ |
|---|---|---|---|
| ૧. | મેળામાં | સાંસ્કૃતિક, નૈતિક મૂલ્ય, સામાજિક મૂલ્ય, ધાર્મિક મૂલ્ય, આર્થિક મૂલ્ય | ▪મેળાની મૂલાકાત<br>▪મેળા અંગેનો પ્રોજેક્ટ<br>▪મેળા અંગેની ચિત્ર સ્પર્ધા |
| ૨. | આજની ઘડી રળિયામણી | વિનયનું મૂલ્ય, ધાર્મિક મૂલ્ય, પ્રાકૃતિક મૂલ્ય, પ્રેમનું મૂલ્ય, લાગણીનું મૂલ્ય | ▪ધાર્મિક સ્થળની મૂલાકાત<br>▪ભક્તિ પદનો પ્રોજેક્ટ<br>▪ભક્તિ ગીત સ્પર્ધા<br>▪વર્ગ સુશોભન સ્પર્ધા |
| ૩. | પરીક્ષા | ઈમાનદારીનું મૂલ્ય, નૈતિક મૂલ્ય, સમયનું મૂલ્ય | ▪ઈમાનદારીવાળી વાર્તા પ્રાર્થના સભામાં કહેવી<br>▪ઈમાનદાર વ્યક્તિ સાથે મુલાકાત<br>▪ઊંમયસર કામ કરવા માટેની વિવિધ પ્રવૃત્તિ કરાવવી |
| ૪. | બે ખાનાનું પરિગ્રહ | નૈતિક મૂલ્ય, ત્યાગનું મૂલ્ય, સત્ય, અહિંસાનું મૂલ્ય | ▪રેલ્વે સ્ટેશનની મુલાકાત<br>▪રેલ્વે સ્ટેશનની યાદી તૈયાર કરાવવી<br>▪રેલ્વેની મુસાફરી કરાવવી<br>▪સત્ય અને અહિંસાને લગતા નાટક પ્રાર્થના સભામાં કે વર્ગખંડમાં કરાવવા |
| ૫. | રાનમાં | પ્રાકૃતિક મૂલ્ય | ▪સાહિત્ય કરાવવો, પ્રાકૃતિક સ્થળોની મુલાકાત, પ્રકૃતિને લગતી નિબંધ સ્પર્ધા, ઋતુગીતલક્ષી સ્પર્ધા, પ્રાકૃતિક ગીત, પ્રાથના સભામાં મેળવવા |

| | | | |
|---|---|---|---|
| ૬. | ભીખુ | લાગણીનું મૂલ્ય, સત્યનું મૂલ્ય, પ્રેમનું મૂલ્ય, ત્યાગનું મૂલ્ય | ▪પ્રેરક પ્રસંગો કહેવા, ભીખારીને મદદ કરવા અંગેની પ્રવૃત્તિ, એક પ્રાત્રીય અભિનય, ચિત્ર સ્પર્ધા, નિબંધ સ્પર્ધા |
| ૭. | જીવન પાથેય | પ્રામાણિકતાનું મૂલ્ય, શિક્ષણનું મૂલ્ય | ▪નાની નાની નાટીકા કરાવવી<br>▪ખોયા પાયાની પ્રવૃત્તિ, પ્રેરક પ્રસંગો કહેવા<br>▪જીવનમાં બનતી ઘટનાને પ્રાર્થના સભામાં કહેવાની તક આપવી. |
| ૮. | માલમ હલેસાં માર | પ્રેમનું મૂલ્ય, ઉત્સાહનું મૂલ્ય, સાહસનું મૂલ્ય, પ્રાકૃતિક મૂલ્ય | ▪લોકગીત સ્પર્ધાનું આયોજન<br>▪દરિયા કિનારાની મૂલાકાત<br>▪દિયર-ભાભીનો પ્રેમ સંબંધિત નાટીકા કરાવવી. |
| ૯. | બાનો વાડો | પ્રકૃત્તિ પ્રેમનું મૂલ્ય, સૌંદર્યનું મૂલ્ય | ▪ગ્રામ્ય વિસ્તારમાં વાડાની મૂલાકાત<br>▪પ્રાકૃતિક ગીતોની સ્પર્ધા, વિવિધ ફૂલનાં નામની યાદી તૈયાર કરાવવી |
| ૧૦. | વલયની અવકાશી સફર | વૈજ્ઞાનિક મૂલ્ય, સંશોધનનું મૂલ્ય | ▪સંશોધન કેન્દ્રની મુલાકાત<br>▪આકાશ દર્શન કરાવવું.<br>▪અવકાશ દર્શનને લગતાં ચાર્ટ ચિત્રનું પ્રદર્શન<br>▪ફિલ્મ પ્રદર્શન |

૩.શૈક્ષણિક ફલિતાર્થો

- માતૃભાષા ગુજરાતીના અધ્યયન અધ્યાપનથી વિદ્યાર્થીઓમાં સાંસ્કૃતિક અને નૈતિક મૂલ્યોની ખિલવણી થાય છે.
- માતૃભાષા શિક્ષણથી વિદ્યાર્થી સામાજિક અને ધાર્મિક મૂલ્યો શીખે છે.
- માતૃભાષા શિક્ષણથી વિદ્યાર્થીઓમાં લાગણી અને ઈમાનદારીનો ભાવ અને મૂલ્ય જાગે છે.
- માતૃભાષા ગુજરાતીમાં શિક્ષણથી સત્ય અને અહિંસાના મૂલ્યો જીવનમાં ઉતારે છે.
- માતૃભાષા ગુજરાતીના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓ પ્રામાણિક બને છે.
- માતૃભાષા ગુજરાતીના શિક્ષણ દ્વારા વિદ્યાર્થી ઉત્સાહ અને સાહસનું મૂલ્ય શીખે છે.
- માતૃભાષા ગુજરાતીના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અને સંશોધન મૂલ્યોની ખિલવણી થાય છે.
- માતૃભાષા ગુજરાતીના શિક્ષણથી વિદ્યાર્થીઓમાં સૌંદર્યાનું મૂલ્ય ખિલે છે.
- માતૃભાષા ગુજરાતીના શિક્ષણથી વિદ્યાર્થીઓમાં પ્રાકૃતિક મૂલ્યની ખિલવણી થાય છે.
- માતૃભાષા ગુજરાતીના શિક્ષણના વિદ્યાર્થીઓમાં વિદ્યાર્થીઓમાં વિવિધ મૂલ્યોની ખિલવણી થાય છે.

આમ, પ્રવર્તમાં સમયમાં વર્ગને સ્વર્ગ બનાવવો હોય અને શિક્ષણને મૂલ્યલક્ષી બનાવવું હોય તો માતૃભાષાનાં શિક્ષણને પ્રધાન્ય આપવું જોઈએ. મૂલ્ય જ એક એવી વસ્તુ છે જે માનવને સાચા અર્થમાં માનવ બનાવશે. ‘‘માતૃભાષાની મીઠાસ તો જુઓ,ખારા નમકને પણ મીઠું કહીને બોલાવે છે.’’

સંદર્ભ સાહિત્ય

1. ધોરણ ૭ના પાઠ્યપુસ્તક (પ્રથમ સત્ર) ગુજરાત રાજ્ય પાઠ્ય પુસ્તક મંડળ ગાંધીનગર.